ભાજપની ભવ્ય જીતનો દેશમાં જશ્નનો માહોલ

ભવ્ય આતશબાજીનો દોર : કાર્યકરો દ્વારા મિઠાઇઓ વહેંચીને ઉજવણી

નવી દિલ્હી, તા.૨૩

લોકસભાની ચૂંટણીના પરીણામ ધારણા પ્રમાણે જ રહ્યા બાદ ભાજપના કાર્યકરો અને દેશના લોકો ઉજવણીમાં નિકળી પડ્યા હતા. દેશના જુદા જુદા ભાગોમાં મિઠાઇઓ વહેચવામાં આવી હતી.પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા જ ભાજપે મિઠાઇ અને લાડુનો ઓર્ડર આપ્યો હતો. પરિણામ જાહેર થવાની શરૂઆત થતા જ મિઠાઇઓ વહેચવાની શરૂઆત થઇ ગઇ હતી. ભવ્ય આતશબાજીના નજારા જોવામાં આવ્યા હતા. જીતની આવી સ્થિતિમાં જોરદાર તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. ભાજપના ટોચના સુત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ ચૂંટણી પરીણામમાં ભાજપ-એનડીએની સરકાર બનશે તેવુ ચિત્ર સવારે સ્પષ્ટ થયું હતું. સતત બીજી વખત દેશના વડાપ્રધાન તરીકે મોદી સત્તા સંભાળવા જઈ રહ્યા છે. આજે પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા એક્ઝિટ પોલના તારણો જાહેર કરવામાં આવ્યા બાદ હજારો કિલો મિઠાઈઓનો ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો. જેથી પરિણામ આવતા જ મિઠાઈઓ લોકોમાં વહેચવાની શરૂઆત કરાઇ હતી. એક્ઝિટ પોલના તારણ મુજબ જ મોટાભાગે પરિણામ આવ્યા હતા. એક્ઝિટ પોલના તારણ કરતા પણ વધુ સારી સફળતા નરેન્દ્ર મોદીને હાંસલ થઇ છે. બ્રાન્ડ મોદીની બોલબાલા દેશભરમાં દેખાઈ રહી છે. દેશભરમાં પરિણામ આવ્યા બાદ ઉજવણીનો દોર શરૂ થયો હતો જે આગામી બે ત્રણ દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. આજે મોડી સાંજ સુધી ચિત્ર સ્પષ્ટ થયું હતું અને એનડીએની સરકાર ફરી બનવા જઇ રહી છે. લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત ૧૦મી માર્ચના દિવસે કરવામાં આવી હતી ત્યારબાદ દોઢ મહિનાથી આ પ્રક્રિયા ચાલી રહી હતી.

વિજયી મહારથીઓ

નરેન્દ્ર મોદી
અમિત શાહ
રાજનાથસિંહ
સ્મૃતિ ઈરાની
અખિલેશ યાદવ
મુલાયમસિંહ
ભગવંત માન
સાધ્વી પ્રજ્ઞા ઠાકુર
સાક્ષી મહારાજ
રાહુલ ગાંધી (વાયનાડ)
સંબિત પાત્રા
આઝમખાન
હેમામાલિની
સની દેઓલ
વરૂણ ગાંધી
સોનીયા ગાંધી
નીતિન ગડકરી
બાબુલ સુપ્રિયો
મીશા ભારતી
કીર્તિ આઝાદ
કિરણ ખેર
ગૌતમ ગંભીર
અસદુદીન ઓવેસી
ગીરીરાજસિંહ
મેનકા ગાંધી
રવિશંકર પ્રસાદ
ચિરાગ પાસવાન
અનુરાગ ઠાકુર
ફારૂક અબ્દુલ્લા
સુપ્રિયા સુલે
મનીષ તિવારી
રાજ્યવર્ધનસિંહ રાઠોર
મુલાયમસિંહ યાદવ

પરાજીત મહારથીઓ

મલ્લિકાર્જુન ખડગે
શત્રુઘ્ન સિંહા
કનૈયા કુમાર
શીલા દિક્ષીત
અજય માકન
ભરતસિંહ સોલંકી
ઉર્મિલા માતોંડકર
મીલીંદ દેવરા
ભૂપીન્દર હાંડા
મૂનમૂન સેન
મહેબુબા મુફ્તી
જ્યોતિરાજ્ય સિંધિયા
દિગ્વિજયસિંહ
સંજય નિરૂપમ
પ્રિયા દત્ત
મીલીંદ દેવરા
સુશીલકુમાર શિંદે
અજિતસિંહ
જયાપ્રદા
પૂનમ સિંહા
સલમાન ખુરશીદ
ડીમ્પલ યાદવ

વારાણસીની બેઠક પર મોદીની શાનદાર જીત

૬૬૮૭૬૭ મતે શાનદાર જીત

નવીદિલ્હી, તા. ૨૩

લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો છે અને રેકોર્ડ જીત હાંસલ કરી લીધી છે. આજે વારાણસી બેઠક પરના પરિણામ પણ જાહેર કરવામાં આવ્યા હતા. આ બેઠક ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી મેદાનમાં હતા. સતત બીજી વખત મોદીએ આ સીટ ઉપર જીત મેળવી હતી. આ વખતે વારાણસી બેઠક પર મોદીને ૪૭૫૬૯ મત મળ્યા છે તેમની ૬૬૮૭૬૭ મતે જીત થઇ છે.

જીવનની ક્ષણે ક્ષણ અને શરીરનો કણે કણ દેશને સમર્પિત કરું છું : નરેન્દ્ર મોદી

જ્વલંત વિજય બાદ ભાજપ મુખ્યાલય ખાતે કાર્યકરોને ઐતિહાસિક સંબોધન : બદઇરાદા સાથે કોઇ કામ નહીં કરે : સંપૂર્ણ સમય દેશના લોકો માટે સમર્પિત રહેશે : મોદી

નવી દિલ્હી,તા.૨૩

લોકસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે પાર્ટી ઓફિસ ઉપર ઐતિહાસિક સંબોધન કર્યું હતું. એકબાજુ મોદીએ દેશના લોકોને કેટલીક ખાતરી આપી હતી જેમાં મોદીએ કહ્યું હતું કે, બદઈરાદા સાથે કોઈપણ કામ કરશે નહીં. સાથે સાથે પોતાના માટે કોઈપણ કામ કરશે નહીં. સાથે સાથે તેમનો સમય સંપૂર્ણપણે સામાન્ય લોકો માટે સમર્પિત રહેશે. લોકોને પરેશાની થાય તેવા પણ કોઇ કામ કરશે નહીં. ૪૦ મિનિટના ભાષણમાં મોદીએ સાફ શબ્દોમાં પોતાનું સંબોધન કર્યું હતું. સાથે સાથે ગરીબીને દૂર કરવાની પણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ચૂંટણી પ્રચાર દરમિયાન મોંઘવારી, ભ્રષ્ટાચાર, બનાવટી ધર્મનિરપેક્ષા જેવા મુદ્દા ઉઠ્યા ન હતા. લોકસભા ચૂંટણી ૨૦૧૯ના પરિણામોના સ્પષ્ટ રુઝાન આવી ગયા પછી વડાપ્રધાન મોદી બીજેપી કાર્યાલય પહોંચી ગયા છે. અહીં બીજેપી અધ્યક્ષ અમિત શાહે તેમનું સ્વાગત કર્યું હતું. અહીં વડાપ્રધાન મોદીએ લોકોનું અભિવાદન કર્યું હતું. ગૃહમંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને શિવરાજ સિંહ ચૌહાણ પણ બીજેપી કાર્યાલય હાજર રહ્યા હતા. બીજેપી કાર્યાલય પર હજારો કાર્યકર્તાઓ પણ પહોંચી ગયા છે. અહીં અમિત શાહે કાર્યકરોને સંબોધન કર્યા પછી વડાપ્રધાન મોદીએ પણ કાર્યકરોને સંબોધન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ૨૦૧૯ લોકસભાનો જનાદેશ નવા ભારતનો જનાદેશ છે. દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીમાં સૌથી વધુ મતદાન આ વખતે થયું છે. ૪૦-૪૨ ડિગ્રી ગરમીમાં પણ લોકોએ મતદાન કર્યું છે. હું દેશની જનતાને નમન કરુ છું. વિશ્વએ ભારતીય લોકશાહીની શકિતને ઓળખવી પડશે. આ ચૂંટણી કોઈ પક્ષ, નેતા કે ઉમેદવારે નથી લડી. આ ચૂંટણી દેશની જનતાએ લડી છે. આજે હિન્દુસ્તાનની જનતાનો વિજય થયો છે. આજે લોકતંત્રનો વિજય થયો છે. આજે જનતા જનાર્દનનો વિજય થયો છે. અમે એનડીએના સાથીઓ આ વિજયને જનતાને સમર્પણ કરીએ છીએ. અમિત શાહે કાર્યકરોને સભા સંબોધીને જનતાનો આભાર માન્યો. તેમણે કહ્યું કે, કોંગ્રેસને કારમી હાર મળી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપને ઐતિહાસીક જીત મળી છે. આંધ્ર પ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડૂએ વિપક્ષને ભેગા કરવામાં ખૂબ મહેનત કરી.

આટલી મહેનત તેમણે વોટ મેળવવા માટે કરી હોત તો તેમનું ખાતુ તો ખુલી જ જાત. અમિત શાહે નવીન પટનાયક, જગન રેડ્ડીની જીતની શુભેચ્છા પાઠવી છે. અરુણાચલ પ્રદેશમાં પ્રથમ વખત ભાજપની બહુમતીવાળી સરકાર બની છે. ૧૧ કરોડ કાર્યકરોના પરિશ્રમથી આ વિજય મળ્યો છે. પરિશ્રમની પરાકાષ્ઠાના કારણે અમારો વિજય થયો છે. ૧૨ જેટલા રાજ્યોમાં ૫૦ ટકાથી વધુ મત મળ્યા છે. ૧૭ રાજ્યોમાં કોંગ્રેસ ખાતુ જ નથી ખોલી શકી. ઉત્તર પ્રદેશમાં સપા-બસપાનો ભાજપ સામે પડકાર માનતા હતા પરંતુ ત્યાં પણ તેમનો સફાયો થઈ ગયો. રુઝાનમાં ૫૪૨ સીટમાંથી એનડીએ ૩૪૯, યુપીએ ૮૫ સીટથી આગળ ચાલી રહી છે અને ૧૦૮ સીટ પર અન્ય પાર્ટીઓ આગળ ચાલી રહી છે.

સૌનો સાથ + સૌનો વિકાસ + સૌનો વિશ્વાસ = વિજયી ભારતઃ મોદી

વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને જીતની ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, સૌનો સાથ + સૌનો વિકાસ + સૌનો વિશ્વાસ = વિજયી ભારત.

આ વિકાસ અને મજબૂત નેતૃત્વમાં જનતાના વિશ્વાસની જીત છેઃ અમિત શાહ

બીજેપી અધ્યક્ષ અમિત શાહે ટ્વિટ કરી જીતની ખુશી વ્યક્ત કરીને લખ્યું કે, જન-જનના વિશ્વાસ અને અભૂતપૂર્વ વિકાસની પ્રતીક મોદી સરકાર બનાવવા માટે ભારતની જનતાને કોટિ-કોટિ નમન! તમામ દેશવાસીઓને અનેક શુભચ્છાઓ.

ચૂંટણીના પરિણામો વિશ્વના સૌથી મોટા લોકતંત્રમાં મોદીના નેતૃત્વને સાબિત કરે છેઃ નેતન્યાહુ

નેતન્યાહૂએ મોદીને ધન્યવાદ પાઠવતા લખ્યું, નેતન્યાહૂએ મોદીને ધન્યવાદ પાઠવતા લખ્યું, મારાં મિત્ર નરેન્દ્ર મોદી તમને પ્રભાવશાળી ઈલેક્શન જીત પર હાર્દિક અભિનંદન! આ ચૂંટણીના પરિણામો એકવાર ફરીથી વિશ્વના સૌથી મોટાં લોકતંત્રમાં તમારાં નેતૃત્વને સાબિત કરે છે. આપણે સાથે મળીને ભારત અને ઈઝરાયલની વચ્ચે ઘનિષ્ઠ મિત્રતાને મજબૂત કરવાનું યથાવત રાખીશું.

અલગ-અલગ દેશના વડાપ્રધાનોએ મોદીને શુભકામના પાઠવી

- ભુટાનના રાજા જીગ્મે ખેસર નામગીલ વાંગચકએ ટેલિફોન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે.
- નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે.
- જાપાનના વડાપ્રધાન શિન્ઝો એમ્બેએ ટેલિફોન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે.
- ચીનના વડાપ્રધાન જીનપિંગે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે.

મમતા બેનર્જીએ પણ ટ્વીટ કરીને શુભકામના પાઠવી

મમતા બેનર્જીએ પણ વલણ સ્પષ્ટ થયા બાદ વડાપ્રધાન મોદીને શુભકામનાઓ પાઠવી હતી. મમતા બેનર્જીએ ટ્વીટ કરતા લખ્યું કે, જીતનારાઓને અભિનંદન. પરંતુ પરાજીત થનારા હંમેશા માટે પરાજીત નથી. અમે અમારી હારનાં કારણોનો ગહન અભ્યાસ કરીશું અને તેનું પરિણામ પણ તમારી સૌની સાથે જરૂર શેર કરીશું.

અમે જનતાના નિર્ણયને સ્વીકારીએ છીએઃ પ્રિયંકા ગાંધી

કોંગ્રેસના જનરલ સેક્રેટરી પ્રિયંકા વાડ્રા ગાંધીએ કહ્યું હતું કે, અમે જનતાના ફેસલાનો સ્વીકાર કરીએ છીએ અને પીએમ મોદી અને ભાજપના કાર્યકર્તાઓને જીતની શુભેચ્છા આપીએ છીએ.

કયા રાજ્યમાં કોને કેટલી બેઠક મળી

ગુજરાત	
કુલ બેઠક	૨૬
ભાજપ	૨૬
કોંગ્રેસ	૦૦
એએપી	૦૦
સપા	૦૦

બિહાર	
કુલ બેઠક	૪૦
ભાજપ	૧૭
જેડીયુ	૧૬
કોંગ્રેસ	૦૧
અન્ય	૦૬

આંધ્રપ્રદેશ	
કુલ બેઠક	૪૨
વાયએસઆર	૨૪
ટીડીપી	૦૧
ભાજપ	૦૦
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

દિલ્હી	
કુલ બેઠક	૦૭
ભાજપ	૦૭
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

છત્તીસગઢ	
કુલ બેઠક	૧૧
ભાજપ	૦૯
કોંગ્રેસ	૦૨
અન્ય	૦૦

હરિયાણા	
કુલ બેઠક	૧૦
ભાજપ	૦૯
કોંગ્રેસ	૦૧
અન્ય	૦૦

મધ્યપ્રદેશ	
કુલ બેઠક	૨૯
ભાજપ	૨૮
કોંગ્રેસ	૦૧

ઝારખંડ	
કુલ બેઠક	૧૪
ભાજપ	૧૧
કોંગ્રેસ	૦૧
ઝારખંડ મુક્તિ મોરચા	૦૧
અન્ય	૦૧

અરૂણાચલ	
કુલ બેઠક	૦૨
ભાજપ	૦૨
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

કેરળ	
કુલ બેઠક	૨૦
કોંગ્રેસ	૧૫
સીપીએમ	૦૧
ભાજપ	૦૦
અન્ય	૦૪

પંજાબ	
કુલ બેઠક	૧૩
કોંગ્રેસ	૦૮
ભાજપ	૦૨
એસએડી	૦૨
એએપી	૦૧
અન્ય	૦૦

મહારાષ્ટ્ર	
કુલ બેઠક	૪૮
ભાજપ	૨૩
શિવસેના	૧૮
એનસીપી	૦૪
કોંગ્રેસ	૦૧
અન્ય	૦૧

ઉત્તરપ્રદેશ	
કુલ બેઠક	૮૦
ભાજપ	૬૦
બસપ	૧૧
સપા	૦૫
કોંગ્રેસ	૦૧
અન્ય	૦૩

પશ્ચિમ બંગાળ	
કુલ બેઠક	૪૨
ટીએમસી	૨૩
ભાજપ	૧૭
કોંગ્રેસ	૦૨
ડાબેરી	૦૦
અન્ય	૧૮

રાજસ્થાન	
કુલ બેઠક	૨૫
ભાજપ	૨૪
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૧

ત્રિપુરા	
કુલ બેઠક	૦૨
ભાજપ	૦૨
કોંગ્રેસ	૦૦

ઓરિસ્સા	
કુલ બેઠક	૨૧
બીજેડી	૧૩
ભાજપ	૦૮
કોંગ્રેસ	૦૦

નાગાલેન્ડ	
કુલ બેઠક	૦૧
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૧

મિઝોરમ	
કુલ બેઠક	૦૧
ભાજપ	૦૦
અન્ય	૦૧

મેઘાલય	
કુલ બેઠક	૦૨
કોંગ્રેસ	૦૧
એનસીપી	૦૧

ગોવા	
કુલ બેઠક	૦૨
ભાજપ	૦૧
કોંગ્રેસ	૦૧

મણિપુર	
કુલ બેઠક	૦૨
ભાજપ	૦૧
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

જમ્મુ કાશ્મીર	
કુલ બેઠક	૦૬
ભાજપ	૦૩
પીડીપી	૦૦
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૩

દમણ દિવ	
કુલ બેઠક	૦૧
ભાજપ	૦૧
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

દાદરાનગર હવેલી	
કુલ બેઠક	૦૧
કોંગ્રેસ	૦૦
ભાજપ	૦૦
અન્ય	૦૧

કર્ણાટક	
કુલ બેઠક	૨૮
ભાજપ	૨૫
કોંગ્રેસ	૦૧
જેડીએસ	૦૧
અન્ય	૦૦

સિક્કિમ	
કુલ બેઠક	૦૧
એસકેએમ	૦૧
ભાજપ	૦૦
કોંગ્રેસ	૦૦

ચંદીગઢ	
કુલ બેઠક	૦૧
ભાજપ	૦૧
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

તેલંગાણા	
કુલ બેઠક	૧૭
ટીઆરએસ	૦૯
ભાજપ	૦૪
કોંગ્રેસ	૦૩
એઆઈએ	૦૧

આસામ	
કુલ બેઠક	૧૪
ભાજપ	૦૯
કોંગ્રેસ	૦૩
અન્ય	૦૨

ઉત્તરાખંડ	
કુલ બેઠક	૦૫
ભાજપ	૦૫
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

તમિળનાડુ	
કુલ બેઠક	૩૮
પરિણામ જાહેર	૩૮
ડીએમકે	૨૩
કોંગ્રેસ	૦૮
એઆઈએ	૦૨
અન્ય	૦૫

હિમાચલ	
કુલ બેઠક	૦૪
ભાજપ	૦૪
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

અંદમાન નિકોબાર	
કુલ બેઠક	૦૧
ભાજપ	૦૧
કોંગ્રેસ	૦૦
અન્ય	૦૦

લક્ષ્યદ્વીપ	
કુલ બેઠક	૦૧
એનસીપી	૦૧
કોંગ્રેસ	૦૦

મોદીના ગામ વડનગરમાં ભવ્ય ઉજવણી કરાઈ

આતશબાજી અને મિઠાઈઓનો દોર

નવીદિલ્હી, તા. ૨૩

સતત બીજી વખત ભારતીય જનતા પાર્ટીએ બહુમતિ મેળવી લીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન ગામ વડનગરમાં જશ્નનો માહોલ જોવા મળી રહ્યો છે. નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦ના દિવસે ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગરમાં થયો હતો. પછાત ઘાંચી-તેલી પરિવારમાં તેમનો જન્મ થયો હતો. મોદીના નેતૃત્વમાં ભાજપે લોકસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદથી વડનગરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તમામ લોકો તેમના ગામના એક વ્યક્તિને વડાપ્રધાન તરીકે જોઈને ખુબ ખુશ છે. નવી આશા પણ જાગી છે. એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા બાદથી જ શાનદાર ઉજવણી ચાલી રહી હતી. આજે પણ ઉજવણીનો દોર જારી રહ્યો હતો. આ ઉજવણીનો દોર હજુ પણ ઘણા દિવસ સુધી ચાલુ રહે તેવી શક્યતા છે.

અમેઠી બેઠક પર ૨૧ વર્ષ બાદ કોંગ્રેસનો પરાજય

ભાજપના સ્મૃતિ ઇરાની સામે રાહુલની હાર

નવીદિલ્હી, તા. ૨૩

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનો દેખાવ કેટલો ખરાબ રહ્યો છે તે બાબતનો અંદાજ આ બાબતથી જ લગાવી શકાય છે કે, રાયબરેલી અને અમેઠી સંસદીય સીટ ઉપર તેને જીત મળતી રહી છે પરંતુ આ વખતે ભાજપની દિગ્ગજ મહિલા નેતા અને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધીને અમેઠીમાં પછડાટ આપી દીધી છે. રાહુલ ગાંધીએ પોતે અમેઠી સીટ ઉપર પરિણામ આવે તે પહેલા જ હાર સ્વીકારી લીધી હતી. ૧૯૬૭માં અસ્તિત્વમાં આવેલી અમેઠી સીટ ઉપર ત્રીજી વખત કોંગ્રેસ પાર્ટીની હાર થઇ છે. કોંગ્રેસ પાર્ટીની આ મજબૂત સીટ તરીકે ગણવામાં આવે છે. આ હારમાં એક રોચક આંકડો ૨૧ નંબરનો રહ્યો છે. દર ૨૧ વર્ષ બાદ કોંગ્રેસને અહીં હારનો સામનો કરવો પડ્યો છે. રાહુલ ગાંધીને પણ આ હારનો સામનો કરવો પડ્યો છે.